Times of INDIA

# Gujarat to get ₹195 cr for e-governance: Pilot

## Minister Launched 3G Services Of BSNL In Six Towns Of State

TIMES NEWS NETWORK



Ashwin Rajput

Minister Sachin Pilot addressing a meet in the city on Saturday

**Vadodara:** The Union government will sanction Rs 195 crore to Gujarat to implement e-governance project in the state. Union minister of state for communication and information technology Sachin Pilot announced this here on Saturday.

During his visit to the city, Pilot launched 3G services of Bharat Sanchar Nigam Limited in six towns of Gujarat and Diu and inaugurated 15 project arrow post offices across the state through video conferencing from Vadodara.

"E-governance is UPA Government's central agenda for delivery of goods and services to the doorsteps of people. For this, the Department of IT is contributing Rs 91.50 crore for setting up statewide area network in Gujarat which will reach down to the block level. Similarly, an amount of Rs 55.04 crore would be spent on setting up the state data centre. Total 13,695 common service centres (CSC) have already been set up in the state under the national e-governance programme. The expenditure envisaged for CSC project is Rs 49 crore," said Pilot.

Pilot launched 3G services in Porbandar, Diu, Gondal, Moti Khavdi, Panoli GIDC, Vyara and Waghodiya from Vadodara through video conferencing in the presence of Union minister of state for power Bharat Solanki and Union minister of state for tribal affairs Dr Tushar Chaudhary, who participated by a video link from Bardoli. He also launched 3G coverage on Ahmedabad-Mumbai (up to Vapi) national and Express highway. With this, BSNL's 3G service is now available in 60 cities of Gujarat telecom circle.

The minister also announced that 3G services will be launched in four more towns including Khambhat, Sanghipuram in Bhuj, Okha and Jetpur in Rajkot by January 31, 2011.

During a review meeting with BSNL, Department of Posts and Department of Information Technology officials, the minister said incentive linked marketing push is necessary to increase broadband penetration. "Broadband services would also be delivered to rural areas through WiMAX technology which enables high speed wireless internet. Around 352 rural WiMAX base stations are planned in Gujarat telecom circle during this financial year," he said.

DIVYA BHASKAR

### સંદેશાવ્યવહાર રાજ્યમંત્રી સચિન પાઇલોટની જાહેરાત

દી.ભા- તા-૯-૧૧

# ઇ-ગવર્નન્સ હેઠળ ગુજરાતમાં ₹ ૧૯૫.૫૪ કરોડ ખર્ચાશે

## ૨૦૧૨ સુધીમાં દેશની ૧.૫૫ લાખ પોસ્ટ ઓફિસનું રૂા.૧૮૧૭ કરોડના ખર્ચે કમ્પ્યૂટરાઈઝેશન કરાશે

ભાસ્કર ન્યૂઝ . વડોદરા

પોસ્ટ વિભાગના એરો પ્રોજેક્ટ હેઠળ અત્યાધુનિક સુવિધા સજ્જ રાજ્યની ૧૫ પોસ્ટ ઓફિસને કેન્દ્રના સંદેશાવ્યવહાર આઈ.ટી. રાજ્યમંત્રી સચિન પાયલોટે વડોદરાથી વિડિયો કોન્ફરન્સ દ્વારા ખુલ્લી મુકી હતી. ગુજરાતમાં ઈ-ગવર્નન્સ પ્રોજેક્ટ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા રૂા.૧૯૫.૫૦ કરોડ ખર્ચવાની જાહેરાત પણ કરી હતી.

સંદેશાવ્યવહાર-આઈ.ટી. રાજ્યમંત્રી સચિન પાયલોટે એરો પ્રોજેક્ટ હેઠળ તૈયાર પોસ્ટ ઓફિસ ખુલ્લી મુકયા બાદ તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર પોસ્ટ, બી.એસ.એન.એલ. અને આઈ.ટી. વિભાગની સેવાઓનું સ્તર સુધારવા કટિબદ્ધ છે. તેમણે રાજ્યમાં બ્રોડબેન્ડ કનેકશનોની સંખ્યા વધારવાનું સૂચન કર્યું હતું.

તેમણે કહ્યું હતું કે, યુ.પી.એ. સરકારના એજન્ડામાં ઈ-ગવર્નન્સ કેન્દ્ર સ્થાને છે. કેન્દ્ર સરકારના આઈ.ટી. વિભાગ દ્વારા આ માટે રૂા.૯૧.૫૦ કરોડનાં ખર્ચે રાજ્યમાં સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક સ્થપાશે. રૂા.૫૫.૦૪ કરોડના ખર્ચે સ્ટેટ ડેટા સેન્ટર સ્થાપવામાં આવશે. આ ઉપરાંત ગામડાંઓમાં કોમન સર્વિસ કેન્દ્રોની સ્થાપના માટે રૂા.૪૯ કરોડનો ખર્ચ કરાશે. તેમણે માહિતી આપી હતી કે, દેશમાં સંચાર ક્રાંતિ થઈ છે. ગરીબો પણ મોબાઈલ ફોન અપનાવતા થયા છે. દેશમાં આજે ૭૦ કરોડ મોબાઈલ ફોન ધારકો છે. જેમાં દર મહિને દોઢ કરોડ ગ્રાહકોનો ઉમેરો થાય છે.

ગુજરાતમાં દૂરસંચાર વ્યવસ્થા-સેવા વધુ બહેતર બનાવાશે અને તે માટે નવા ૧૦૦૦ મોબાઈલ ટાવર ઊભા કરાશે. શહેર કોંગ્રેસ પ્રમુખ સુરેશ પટેલ અને સેવાસદનના વિપક્ષી નેતા ચિન્નમ ગાંધીએ કેન્દ્રિય મંત્રીનું સ્વાગત કર્યું હતું.

### સચિન પાઇલોટે સ્પેક્ટ્રમ કૌભાંડ વિશે બોલવાનું ટાળ્યું



**કેન્દ્રિય મંત્રી** સચિન પાયલોટને પત્રકાર પરિષદમાં સ્પેક્ટ્રમ કૌભાંડ વિશે પૂછવામાં આવતાં તેમણે આ અંગે તપાસ ચાલી રહી હોવાનું જણાવી વધુ બોલવાનું ટાળ્યું હતું. કેન્દ્રિય મંત્રી સચિન પાયલોટને વડોદરાની એલેમ્બિક પોસ્ટ ઓફિસમાં થયેલા કરોડો રૂપિયાના કૌભાંડ વિશે પૂછતાં તેમણે આ અંગે પોતાને કંઇ જ જાણકારી નથી તેમ કહેતાં પોસ્ટના ઉચ્ચાધિકારીઓની હાલત કફોડી બની હતી.